ગાંધીનગર સમાચાર




## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*લ્યો! થઈ ગઈ પૂરી બીજી હવે લહેર કરો!*
*છે હિંમત ત્રીજીની ગમે તેટલો કહેર કરો!*
*જેર કરો કોરોનાને - ને જપો 'બજરંગ બાણ' -*
*આપો યુદ્ધની શક્તિ, હનુમાનજી મહેર કરો!*

### હાઈકુ

*લખાય ક્યાંથી?*
*'પોઝીટીવ' શબ્દ જ*
*પડ્યો અબખે*

*એક ઝાંખપ*
*ને દેખાય ધૂંધળું*
*અશ્રુની છારી!*

### ચિંતન

*ફલમલમશનાય સ્વાદુ પાનાય તોયં, ક્ષિતિરપિ શયનાર્થં વાસસે વલ્કલંચ ।*
*નવ ધન મધુપાન ભ્રાન્ત સર્વેન્દ્રિયાણા, મવિનયમનુન્તુ નોત્સહે દુર્જનાનામ્ ॥*

ઉપરોક્ત શ્લોક વૈરાગ્યશતકમાંથી લેવામાં આવેલ છે.

જીવનમાં ઘણી વાર એવી અને એટલી લાચારી આવતી હોય છે કે નાલાયકોની તાબેદારી કરવી પડતી હોય છે. આવી નોકરી ચાકરીથી જીવનની સંવેદના મૂરઝાઈ જતી હોય છે. ખાસ કરીને બાળ બચ્ચા વાળા માણસની લાચારીનો પાર નથી હોતો. મન મારીને તેને ન કરવાનું બધું કરવું પડતું હોય છે. આવા માણસો બહુ જ દુઃખી થતા હોય છે.

હલકા માણસોની નોકરી - ચાકરી કરવી એ સજ્જનો માટે મહાત્રાસ થઈ જતો હોય છે. તેથી ભર્તુહરિ કહે છે કે, ભાગ અહીંથી અને કોઈ સજ્જન પુરુષના ત્યાં ઓછો પગાર મળતો હોય તો પણ તેની નોકરી કર, તો સુખી થઈશ.

### સુવિચાર

- ધર્મનું પાલન એ આંતરિક પરિવર્તનનો માર્ગ છે - **જનકલ્યાણ**
- શિસ્ત વગરનો વિદ્યાર્થી કોઈ દિવસ વિકાસ કરી શકે નહીં અને વિકાસ વિનાનો વિદ્યાર્થી દેશની આઝાદી ટકાવી શકશે નહીં - **ભાઈ કાકા**
- અખંડ જાગૃતિ, યોગ્ય ધ્યેય અને ધ્યેયને અનુરુપ ધીરજ સાથેનો પુરુષાર્થ સફળતાની ચાવી છે - **ભૂપત વડોદરિયા**
- ઉત્તમ પુસ્તક મહાન આત્માના અમૂલ્ય જીવનનું લોહી છે - **જહોન મિલ્ટન**
- બીજાની દરકાર કરો તો માણસ બનવું સહેલું છે - **અખંડ આનંદ**
- 'શિક્ષણ' એટલે બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન, નિષ્કામ કર્મ - **ઋગ્વેદ**
- આજનું ઔષધ : જુવારની કાંજી દરરોજ પીવાથી દુઝતા હરસમાં ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બંગાળના મુખ્યપ્રધાન અને લાડીલા નેતા ડૉ. બિપીનચંદ્ર રોય જયારે એક સર્જન (ડૉકટર) તરીકે પ્રેક્ટિસ કરતા હતા. તે સમયે તેમના દવાખાનામાં એક પિતા તેની કૉલેજિયન દીકરીને લઈને મળવા આવ્યા. એ દીકરીનો ચહેરો સાવ ફિક્કો અને શરીર આખું પીળું પડી ગયું હતું. ડૉ. રાયે તેને નિદાનમાં કહ્યું. કે તમને પેટમાં એક ગાંઠ છે અને એનું તત્કાળ ઓપરેશન કરવું પડે જો એમ ન થાય તો દર્દીને જીવનનું જોખમ હતું. ડૉકટરની ઓપરેશનની વાત સાંભળી યુવતીના પિતાએ કહ્યું, 'સાહેબ, કૉલેજની ફી માંડ માંડ ભરાય છે, તો અમે ઓપરેશનનો ખર્ચ કેવી રીતે આપીશું.' ડૉકટરે વચ્ચેનો રસ્તો કાઢ્યો. તેમણે યુવતીના પિતાને કહયું, 'આ ઓપરેશનનો ખર્ચ બારસો રુપિયા થાય. જો તમે આ રકમ એક સામટી ન ભરી શકતો તો દર મહિને મને પચ્ચીસ રૂપિયા મોકલતા રહેજો. ચાર વર્ષણાં આ રકમ પૂરી ભરપાઈ થઈ જશે.' ડૉકટર રોયની આ વાત સાંભળી દીકરી અને પિતા ઓપરેશન કરાવા રાજી થયા. ઓપરેશન થઈ ગયું. ત્યારબાદ પિતાએ દર મહિને પ્રામાણિકપણે પચ્ચીસ રુપિયાનું અડતાલીસ મહિના સુધી ચૂકવણું કર્યું. અડતાલીસમો હપ્તો પૂરો થયો ત્યારે પિતાએ પત્ર લખ્યો અને હિસાબ ચૂકતે કર્યાની વાત લખી. એ પત્રના જવાબમાં ડૉ. રોયે પિતાને પત્ર લખ્યો. 'આપે વચન પાળ્યું, એટલે હું ખુબ ખુસ થયો છું. આ પત્ર સાથે હું બારસો રુપિયા પરત મોકલું છં. જે દીકરીના લગ્નપ્રસંગમાં વાપરજો.'

# પાણી પહેલાં પાળ બાંધવી જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત સરકારે રાત્રી કર્ફ્યૂ સંહિતનાં નિયંત્રણો વધુ એક અઠવાડિયા માટે લંબાવી કોરોના સંક્રમણ પર કાબૂ મેળવવાના એના સંનિષ્ઠ પ્રયાસની પ્રતીતિ કરાવી છે. સંપૂર્ણ લોકડાઉન નથી અમલી બનાવાઈ શક્યું એનું કારણ કેન્દ્ર સરકારની મધ્યમમાર્ગી નીતિ છે. ભાજપની રાજય સરકાર હોય અને તે પણ મોદી-શાહના હોમ સ્ટેટની ત્યાં સ્વાભાવિક છે કે ઉપરના આદેશ વગર એ શક્ય ન જ બને. સંક્રમિત લોકોની સંખ્યા સાત લાખને આંબી ગઈ છે પણ હવે સાજા થઈ જનારાની સંખ્યા માંદા થઈને સારવાર લેનારાઓના પ્રમાણમાં દૈનિક દરે વધુ છે. આ શુભ સંકેત છે. હોસ્પિટલોમાં દાખલ થવા માટે જે ભીડ જામતી હતી તે હવે ડ્રાઈવ ઈન વેક્સીન સેન્ટરો પર લાગવા માંડી છે. યુવાનો વેક્સીન લેવા આતુર છે અને જેમનો બીજો ડોઝ બાકી રહી ગયેલ છે એવા ૪૫ ઉપરના નાગરિકો પણ પોતાનો વારો કયારે આવે એની રાહ જોઈ રહ્યા છે. ટૂંકમાં પહેલા વેવ વખતે પ્રજાએ જે લાપરવાહી દર્શાવી હતી એમાં ધરખમ સુધારો નોંધાયો છે. આખરે સૌને જીવ વહાલો છે. વેક્સીન વિશે વિપક્ષોની પાયા વિહોણી અફવાઓ પર અંકુશ આવી ગયો છે. લોકોએ તજજ્ઞો અને સરકારના તંત્રવાહકોની ખાતરી પર ભરોસો મૂક્યો છે. જો કે હજી રાજસ્થાનથી ગુજરાત પેટિયું રળવા આવતા શ્રમિકો વેક્સીન મુદ્દે જરા જુદી જ અવઢવ અનુભવે છે. એ લોકોમાં એવી અફવા ચાલી રહી છે કે સરકાર ગરીબ લોકોને ખતમ કરવા માટે જુદી જાતનાં ઈંજેકશનો આપે છે! આવી અફવા ઉપરાંત વેક્સીનથી નપુંસકતા આવશે એવો જર પણ એમને સતાવી રહ્યો છે. બહુ જ વ્યાપક લોકશિક્ષણ કાર્યક્રમ વગર આવી ભ્રાંતિઓનું નિરસન શક્ય નથી. કોરોનાકાળમાં ઘરે બેસીને આવું લોકશિક્ષણ પહોંચાડવું મુશ્કેલ છે. શ્રમિક વર્ગને મીડિયા સાથે કશી લેવાદેવા નથી હોતી. એમને ટીવી કે અખબારો મારફત સમજાવી શકાશે નહીં. સિત્તેર ટકા વસતિને રસી અપાશે તો જ હર્ડ ઈમ્યુનીટીનો લાભ અંકે કરી શકાશે એટલે હાલ ધીમી ગતિએ શહેરી વિસ્તારોમાં પૂરતું ચાલી રહેલ રસીકરણ વધુ તેજ ગતિ પકડે તે જરૂરી છે. બનાસકાંઠા જિલ્લો એમાં ઉદાહરણરુપ બન્યો છે. ત્રીજા સંક્રમણ મોજાની આગાહી સામે ઢાલરુપ પણ રસીકરણ જ બની શકે એમ છે. સવિશેષ ભયસ્થાન બાળકોને સંક્રમણ લાગવાની શકયતા મુદ્દે છે. બાળકોને સંક્રમણથી બચાવવા માટે ઘરનાં તમામ મોટેરાંઓ વેળાસર રસી લઈ લેવાની જરૂર છે. અમેરિકામાં બાળકોનું રસીકરણ પણ શરૂ થઈ રહ્યું છે. ભારતમાં પણ એ વેળાસર શરૂ થાય તે જરૂરી છે. બાળકો દેશની મહામૂલી સંપત્તિ છે. અત્યાર સુધી આવેલ બે વેવ દરમિયાન વૃદ્ધો અને યુવાનોનો ભોગ લેવાયો છે. બાળકોને કુદરતી પ્રતિકાર શક્તિ વધુ હોઈ એ હજી સુધી મહદંશે બચ્યાં છે. પરંતુ ત્રીજી વેવનું એ નિશાન બની શકે છે એવી આગાહી થતી રહી છે. આશા રાખીએ કે એમાંથી એમને ઉગારી શકીએ. ચાઈનીઝ વાઈરસ કોરોના એના રંગરુપ બદલતું રહે છે અને હવે આપણે એની સામે કેવી રીતે ટકવું એના ઉપાયો પણ જાણીએ છીએ. જો એ ઉપાયોને નિષ્ઠાપૂર્વક અમલમાં મુકીશું તો કદાચ ત્રીજું વેવ આવશે તો પણ ઝાઝું નુકશાન નહીં કરી શકે. છેલ્લે કોરોનાનો શિકાર વિશિષ્ઠ મહાનુભાવોમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વ પ્રમુખ અને 'કુમાર' તથા 'કવિલોક' જેવાં શિષ્ટ સાહિત્યિક સામયિકોના તંત્રી ધીરુભાઈ પરીખ તથા વડોદરાના ગઝલ સમર્પિત સામયિક 'ધબક'ના તંત્રી રશીદ મીરની વસમી વિદાયની નોંધ લેતાં આંખ ભીની થાય છે. ગઝલના એવા જ અઠંગ ઉપાસક ભાવનગર નિવાસી ગુણવંત ઉપાધ્યાયને પણ કોરોનાએ ઝૂંટવી લીધા છે.

# કેરી અને આરોગ્ય



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

કેરીની સીઝન ચાલુ થઈ ગઈ છે. શહેરમાં ઠેર ઠેર કેસર અને આફૂસ કેરીના સ્ટોલ લાગેલા છે. બહુ ઓછા લોકો એવા હશે જેને કેરી ન ભાવતી હોય. આજે આપણે કેરીની સ્વાસ્થ્ય પરની અસરો વિષે જાણીએ.



આયુર્વેદમાં કેરી વિષે પ્રચૂર વર્ણન છે. સંહિતાઓ થી લઈને નિઘંટુઓ સુધી કેરીનું વર્ણન જોવા મળે છે. ચરકસંહિતામાં કેરીનું કષાયસ્કંધ અને અમ્લસ્કન્ધમાં વર્ણન છે (ચરકસંહિતામાં દ્રવ્યોનું વર્ગિકરણ 'સ્કન્ધ' માં કરાયુ છે) યોગરત્નાકર નામના ગ્રંથમાં તો કેરીને 'ફલાધિરાજ' નુ સંબોધન કરાયુ છે.

કેરીના ગુણો ની વાત કરીએ તો કાચી કેરી, પાકી કેરી, ખાટી તેમજ મીઠી કેરી, આદિ પ્રમાણે કેરીના અલગ અલગ ગુણો હોય. જેમકે કાચી કેરી વાયુ તથા પિત્તને વધારનારી, રૂક્ષ, ઉષ્ણ, સુગંધી, રૂચિકર, તેમજ પ્રમેહ અને અતિસારમાં હિતકર છે. જયારે પાકી કેરી વાયુને મટાડનાર, બલવર્ધક, વર્ણને સુધારનાર, પચવામાં ભારે, તથા સુખની અનુભૂતિ કરાવનાર છે. પાકી પણ ખાટી હોય તેવી કેરી લોહિવિકાર, પેટના રોગો, આંખના રોગો, ચામડીનાં રોગો તથા પિત્ત વધારનાર છે. મીઠી કેરી હિતકર છે. પચવામાં થોડી ભારે હોવાથી કેરીના રસની સાથે સૂંઠ લેવામાં આવે છે, જે ફાયદાકારક છે.

આપણે લોકો કેરીના અનેકવિધ ઉપયોગો કરીએ છીએ, જેમકે કેરીનો મુરબ્બો બને, કેરીનું ગોળીયા, મેથીયા, બોળ પ્રકારનુ અથાણુ બને, કાચી કેરીમાં ગોળ-જીરુ નાખીને ખવાય, બાફલો બનાવીને પીવાય, કાચી કેરીના આમ્બોળીયા બને, ખાટી કેરીનું રાયતુ બને, કાચી કેરીની છાલ ઉતારી ટુકડા કરી તડકે સુકવીને આમચૂર બને, પાકી કેરીનો રસ ખવાય તેમજ લસ્સી થી લઈને આઈસક્રીમ સુધી પાકી કેરીનુ ચલણ છે. કેરીના ગોઠલામાં થી ગોઠલી નીકળે જેને સુકવીને મુખવાસ બને.

આ બધી ચીજોના પોતાના ગુણો છે, અવગુણો પણ છે. અતિમાત્રામાં કોઈપણ વસ્તુ તકલીફ કરે, અને યોગ્ય માત્રામાં આનંદ પણ આપે અને ગુણ પણ કરે. યુનાનિ વૈદકમાં પણ પાકી કેરી વિષે ઘણુ લખાયું છે. પાકી કેરી ચરબી વધારનાર, ખુશ કરનાર, ઝાડો સાફ લાવનાર, પેશાબ વધારનાર છે.

આયુર્વેદમાં આંબાનો ઔષધ તરીકે ખૂબ ઉપયોગ કરાયેલો છે. જેમકે લોહીના ઝાડામાં આંબાના પાન નો રસ ઉપયોગી છે, આંબાની ગોઠલીનું ચૂર્ણ કરમીયા પર અસરકારક છે, દૂઝતા હરસમાં આંબાની ગોઠલીનું ચૂર્ણ મધ સાથે લઈ શકાય, નાકમાં થી લોહી પડતુ હોય (નસકોરી ફૂટે તો) પણ ગોઠલીનું ચૂર્ણ અસરકારક છે. શરીરમાં ગરમી નીકળી હોય તો આંબાની આંતરછાલનું ચૂર્ણ દહિં સાથે લેવાથી ફાયદો થાય છે. આમચૂરને પાણીમાં ઘસીને લગાવવાથી વિંછી આદિના વિષ દૂર થાય છે. આંબાના ઝાડનો ગુંદ ચામડીના રોગોમાં અસરકારક છે. પાકી કેરી પાચનતંત્રને સુધારે છે, શક્તિદાયક છે, વજન વધારનાર છે, વીર્યવૃદ્ધિ કરનાર છે, રક્તવૃદ્ધિ તેમજ રક્તશુદ્ધિ કરનાર છે.

આયુર્વેદમાં આંબાના અનેક ઉપયોગી ઔષધયોગો તેમજ પ્રયોગોનું વર્ણન છે. વ્યક્તિની પ્રકૃતિ તેમજ તેના બલઅનુસાર યોગ્ય માત્રામાં ઉપયોગ કરવાથી ચોક્કસથી ફાયદો થાય.

(M) 9879471147

# મુખવટો ચહેરા પર છે કે ચહેરો જ મુખવટો



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

એક દિવસ એક ધનાઢ્ય માણસને ભાન થયું કે એણે જીવનમાં રૂપિયા તો ખૂબ કમાઈ લીધા પણ કોઈ એવો સંબંધ ન કમાઈ શક્યો જ્યાં પ્રેમની કે બે મીઠા શબ્દોની આપ લે થઈ શકે. આખો દિવસ કામ કરીને, થાક્યો પાક્યો એ ઘરે આવતો ત્યારે એને થતું કે કાશ કોઈ એક એવી



વ્યક્તિ આ દુનિયામાં હોત જે દરવાજે ઊભી ફક્ત એના આવવાની રાહ જોઈ રહી હોય. જેવો એ ઘરે આવે એને પ્રેમભર્યું આલિંગન આપી એનું સ્વાગત કરતી હોય. આજે કેટલો નફો કર્યો એને બદલે, આજે તું શાંતિથી જમ્યો હતો એવું પૂછતી હોય.

એવું ન હતું કે એ માણસ દુનિયામાં એકલો હતો. પરિવાર, મિત્રો, એક માણસને ખુશ રહેવા જે જોઈએ એ બધું જ એની પાસે હતું અને છતાંય એના મનના એક ખૂણે ઉદાસી હતી. બધા સંબંધો જાણે જીવ વગરનાં હતા. નીરસ હતા. ઉમળકા ભેર જ્યાં મન ફાવે તે વાત કહી શકાય, પોતાની હોંશિયારી કે બેવકૂફી સાબિત કર્યા સિવાય એકબીજા સાથે મન ખોલી શકાય એવી કોઈ એક વ્યક્તિની એને જરૂર હતી.

એક દિવસ એ ઑફિસેથી થોડો વહેલો નીકળી ગયેલો. રસ્તામાં આવતા એક જાહેર બગીચા આગળ એની ગાડી ધીમી પડી. સાંજનો સમય હતો અને રોડ ઉપર ટ્રાફિક જામ થઈ ગયેલો. અચાનક એ માણસે ડ્રાયવરને કહ્યું, "તું કલાક પછી મને લેવા આવજે. હું થોડીવાર બગીચામાં ફરીને આવું છું." ડ્રાઈવર કંઈ કહે તે પહેલાં એ માણસ પોતાનો કોટ કાઢી ગાડીમાં મૂકી નીચે ઉતરી ગયો. પેન્ટમાં ખોસેલો શર્ટ બહાર ખેંચી કાઢ્યો અને સામન્ય માણસની જેમ ભીડમાં ભળી ગયો.

એ માણસ બગીચામાં ફરી રહ્યો હતો. લપસણી ખાઈને બૂમાબૂમ કરી રહેલા બાળકો જોઈ એને નવાઈ લાગી. દુનિયાભરની મોંઘામાં મોંઘી રાઈડમાં એણે સવારી કરી હતી પણ ક્યારેય તેને એ બાળકો જેવી મજા નહતી આવી. એક જ આઈસ્ક્રીમનાં કપમાંથી બે બાળકોને ખવડાવતી માતાનાં ચહેરા પરની તૃપ્તિ અને એ બાળકોના ચહેરા પરની ખુશી જોઈને તો એ માણસ આભો બની ગયો. રોજ એના મેન્યુમાં જાતજાતના પકવાન હોય છે, ઉત્તમ રસોઈયા સ્વાદિષ્ટ રસોઈ બનાવે છે, નોકર પ્રેમથી પીરસે છે અને પોતે રોજ પેટ ભરીને જમે છે પણ એમાં પેલા બાળકોના મોંઢામાં જતી એક ચમચી આઈસ્ક્રીમ જેવી મજા નથી.

થોડીકવાર ફર્યા બાદ એ એક બેન્ચ પર બેસી ગયો. અચાનક એને થયું જીવનમાં પોતે ભૂલો સિવાય બીજું કંઈ કર્યું નથી. આખું જીવન એણે રૂપિયા અને માનમોંભો કમાવવામાં વેડફી નાંખ્યું. આજ સુધી ભેગા કરેલા બધા રૂપિયા ખર્ચી નાખે પણ એ પોતાના જીવનમાં એક મિનિટનો સંતોષ કે આનંદ ઉમેરી શકતો.

એક યુવાન છોકરી આવી અને એ માણસની બાજુમાં જ બેન્ચ ઉપર બેસી ગઈ. થોડીવાર શાંત રહ્યાં બાદ એ છોકરીએ કહ્યું, "આજે મારો જનમ દિવસ છે." એ માણસને પોતાના લોકો સાથેય વાત કરવાની ફાવટ ન હતી ત્યાં આ અજાણી છોકરીને શું કહેવું એની મૂંઝવણ થઈ આવી, છતાં એણે વિવેક ખાતર અભિનંદન આપ્યા.

એ છોકરીએ આભાર માન્યો અને પછી વાતે વળગી. પોતે એના પપ્પાની ખૂબ લાડકી દીકરી છે, એના પપ્પા આ શહેરનાં ખૂબ અમીર માણસ છે, આજે સાંજે એના ઘરે મોટી પાર્ટી છે અને શહેરની જાણીતી હસ્તીઓ એને ત્યાં આવવાની છે એવું બધું જણાવ્યું.

બર્થ ડે પાર્ટીની એ માણસને મન કોઈ નવાઈ ન હતી પણ એને આ યુવતીની વાતોમાં રસ પડ્યો. એ કેટલી ખુશ હતી તે વાતે મનોમન ઈર્ષા પણ થઈ આવી. છોકરી આગળ પણ ઘણું બધું કહેતી રહી અને એ માણસ પોતાની જાતની દયા ખાતો સાંભળી રહ્યો. છેલ્લે છોકરીએ કહ્યું, "મારા પપ્પા કેક લેવા ગયા હતા એ આવી ગયા છે. એ પાછા આવે ત્યાં સુધી જ મારે આ ભીડભાડ ભર્યા બગીચામાં બેસવાનું હતું. પેલી સામે પડેલી દેખાય છે એ લાંબી ગાડી મને લેવા આવી છે, મારે જવું પડશે. બાય!"

છોકરી ઊભી થઈને ચાલી ગઈ અને તે સાથે જ એ માણસ ખડખડાટ હસી પડ્યો. એને ખરેખર મજા પડી રહી હતી. એ છોકરીએ પોતાની કહીને જે ગાડી બતાવેલી તે એ માણસની જ ગાડી હતી અને એનો ડ્રાઈવર જે હજી કુંવારો છે તે એમાં બેઠો ક્યારનોય માલિકના પાછા ફરવાની રાહ જોઈ રહ્યો છે. તે છોકરીએ વર્ણવેલી સુંદર દુનિયા તેના સપનામાં હતી, હકીકતમાં નહિ. તરત એ માણસને લાગ્યું કે પેલી માતાનાં ચહેરા પર ખુશી સાથે એક ફરિયાદ પણ હતી કે પોતે પોતાના બે બાળકો માટે બે આઈસ્ક્રીમ પણ નથી ખરીદી શકતી.

એ માણસની વિચારવાની દિશા બદલાઈ ગઈ. જે જે લોકો એને ખૂબ ખુશ લાગતા હતા એ બધા એક પળમાં જ કોઈને કોઈ વાતે દુઃખી લાગ્યા. છેલ્લે એક તારણ એ નીકળ્યું કે દુનિયામાં કોઈ વ્યક્તિ સંપૂર્ણ સુખી નથી, તેમજ કોઈ વ્યક્તિ સંપૂર્ણ દુઃખી નથી.

તમારી પાસે જે છે તેનો આનંદ માણો, જે નથી એનો અફસોસ કરી જીવ બાળવો રહેવા દો. આટલું સમજી લો પછી જુઓ જિંદગી કેવી મસ્ત લાગે છે.

અમસ્તું,

હું જાણવા છતાં લૂંટાવા જાઉં છું રોજરોજ,
શિકાયત ક્યાં રહી કે આ લૂંટારા પણ દગો દેશે.

- નાઝિર દેખૈયા

# પરાપૂર્વથી ચાલ્યું આવતું લોકપર્વ અખાત્રીજ સર્વાધિક શુભ દિવસ ગણાય છે



## લાગણીનો મેળો

રસિક વાળંદ

આદ્યપર્વ તો અખાત્રીજ, કરે મૂરત ખોળે બહુ બીજ,
ગડમથલે ગાંડા જોતરે, ખાતર પૂંજો મહેનત કરે,
જોડી ગાડું ખેતર જાય, ખાતર લઈને નાખે ત્યાંય,
શરીર ઉઘાડે તડકો સહે, ભાર અલેખે માથે વહે.
કયારે મન નવ રાખે આશ, એવે તો આવે જેઠ માસ.

- શામળ ભટ્ટ

આવતીકાલે વૈશાખ સુખ ત્રીજ,

ભગવાન પરશુરામ જયંતી... જેને 'અક્ષયતૃતીયા' કહે છે... જેનું અપભ્રંશ થઈને લોકજીવનમાં 'અખાત્રીજ' થઈ ગયું... હવે વસંત વિદાય લેશે અને ગ્રીષ્મનું આગમન થશે.

આપણા લોકજીવનમાં હોળીની જવાળામાં નવા પાકેલા ધાન્યને હોમ કરાય છે પછી જ એને વેચાણ કે ઉપભોગમાં લેવાય છે. એક કાળે વેચાણ કરેલ ખેત પેદાશનું મૂલ્ય ખેડૂતને ૪૫ દિવસની ક્રેડિટ પછી મળતું એટલે કે ફાગણ સુદ પૂનમ પછીના ૪૫ દિવસ એટલે કે વૈશાખ સુખ એકમ-બીજ પર ખેડૂત વર્ગના હાથમાં ખેતપેદાશ વેચ્યાની રકમ આવતી અને એનો આનંદ કંઈ ઓર હતો... પછી તો ખેડૂ વર્ગ તાનમાં હરખે ખરીદી કરે... લેણાં ચૂકવે... લગ્ન આદિ પ્રસંગો ગોઠવે... લગ્નસરો જામે...

ખેડૂતનાં ખળાં હવે ખાલી પડ્યાં છે... અષાઢની વાવણી માટે જમીન તૈયાર કરવાની છે.. અત્યાર સુધી પાક પકવી, વેચાણ કરી અન્ય આયોજનોમાં વ્યસ્ત કૃતિકારો.. હવે પુનઃ સ્વધર્મ અને કર્મની શરુઆત આરંભે છે...

પરાપૂર્વથી ચાલ્યું આવતું આ લોકપર્વ અખાત્રીજ સર્વાધિક શુભ દિવસ ગણાય છે. વણજોયું મુહુર્ત લેખાય છે, આ તો અક્ષયતિથિ છે... જેનો કદી નાશ નથી થતો એ.... ભગવાન શ્રીકૃષ્ણએ દ્રૌપદીને આ દિવસે અક્ષયપાત્ર ભેટ આપ્યાનું કહેવાય છે... ભગવાન શ્રી ઋષભદેવે ૧૩ મહિનાના વર્ષી તપનાં પારણાં ઈક્ષુરસ (શેરડીના રસ)થી અત્રાખીજે કર્યા હતા. અરે, 'હેલ્લારો' ફિલ્મની આહીરાણીઓએ વિક્રમ સંવત ૧૫૧૧



ની અખાત્રીજે એક ઢોલી અને તેની વાદ્ય કળા માટે જાન ન્યોચ્છાવર કર્યા હતા!!

બાળપણમાં અખાત્રીજ અમારા માટે આનંદપર્વ બની રહેતું. આખો પરિવાર ગાડામાં બેસી ખેતરે જતો.. બળકને કુમકુમ તિલક થાય.. શુકન રુપે ખેતર ખેડાય... ઔપચારિક પૂજા - વિધિ થાય... પછી દાળ-ભાતને કંસાર શુભ શુકનવંતુ જમણ...!!

સમય જતાં યોગેશ્વર કૃષિના કૃતિશીલ પૂજારી તરીકે પૂ. દાદા થકી અખાત્રીજના પર્વ મહિમાને પીછાણ્યો. ૨૨ એપ્રિલને 'વિશ્વ ધરતી દિવસ' તરીકે ભળે આજનું વિશ્વ ઉજવતું હોય પણ ભારતીય સંસ્કૃતિમાં તો પરાપૂર્વથી 'ધરતી'ને મા-સ્વરુપા ગણી ભાવવંદના થતી રહી છે!!!

બદલાતા જતા જમાનામાં માનવજાતે ઘણું બધું નવું પ્રાપ્ત કર્યું છે. પણ સાથે સાથે આપણો ભવ્ય ઉમદા સંસ્કાર વારસો ગુમાવ્યો છે. આજે સમગ્ર વિશ્વ પ્રકૃતિના ખોફનો ભોગ બની રહ્યું છે. એ જ બતાવે છે કે પૃથ્વી દિવસની ઉજવણી એ માત્ર એક ઔપચારિકતાથી વિશેષ કશું જ નથી.

આજે મનુષ્ય પ્રાણવાયુ માટે ફાંફા મારી રહ્યો છે. કુદરતી સંસાધનોનું સ્વાર્થી દોહન કરવા છાટકા બનેલી માનવજાતને પાઠ ભણાવવા કોરોના રુપી દૈત્યને જાણે છૂટો મૂક્યો હોય એવો આજે અહેસાસ થઈ રહ્યો છે. આપણે બધા ચિંતિત છીએ પણ સજાગ થયા હોય એવું લાગતું નથી. ધરતી એ મા છે. આજના પવિત્ર દિવસે ધરતી માતાને પ્રાર્થના કરીએ કે, 'હે, માતા, છોરું, કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય.' એ ન્યાયે આ અબુધ સંતાનોને માફ કરી દે, આટલો સબક ઘણો છે, અમે તારા ક્રોધને સમજી ચૂક્યા છીએ હવે રહેમ કર.

આ પૃથ્વી પર છૂટા મૂકેલા કોરોનાના દૈત્યને પાછો બોલાવી લે...

દોસ્તો, અક્ષય તૃતિયાનો પવિત્ર દિવસ... વિષ્ણુના છઠ્ઠાં અવતાર ગણાતા ભગવાન પરશુરામની જન્મજયંતિ. આ ભારત ભૂમિમાં ભાર્ગવરામ, રાઘવરામ, અને યાદવ રામ આ ત્રણ રામ પ્રસિદ્ધ છે. ભાર્ગવ રામ એટલે પરશુધારી,રાઘવરામ ધનુષ્યધારી અને મુશળધઆરી બળશાળી યાદવરામ.

*ૐ જામદગ્ન્યાય વિદ્મહે મહાવીરાય ધીમહિં તન્નો પરશઉરામઃ પ્રચોદયાત્ ।*

ભગવાન પરશુરામ એટલે કાળજયી જીવનમૂલ્યોના પક્ષધર. માત્ર આર્થિક પ્રગતિ એ જ જીવનલક્ષ્ય નહોતું પરંતુ આરણ્યક સંસ્કૃતિ, પ્રત્યેક પ્રાણી, વનસ્પતિ, જડ-ચેતનથી પ્રેમ, પર્યાવરણની રક્ષા, ચારિત્રિક બલ, સ્વાભિમાની, અને સાધના શક્તિ સાથે જ્ઞાનમૂર્તિ, તપોનિષ્ઠ શસ્ત્રબળના મહારથી.. શસ્ત્ર સાથે શાસ્ત્ર તેમજ સંસ્કૃતિના સંરક્ષક.

પરમ પિતૃતાક્ત વીર સત્યવાદી, નિર્ભિક, ઓજસ્વી, માનવતાના રક્ષક તેમજ અસંખ્ય વ્યક્તિનિષ્ઠ કાર્તવીર્યોના વિનાશક...

ભગવાન પરશુરામ એક વિચારધારા છે. કોઈ પણ કુસાશન સામે પ્રજા અવાજને બળવત્તર બનાવી સુશાસન સ્થાપિત કરી અને સત્તાથી પર રહી સિદ્ધાંતોનું પુનઃસ્થાપન કરનાર બ્રહ્મક્ષાત્ર તેજ એટલે ભગવાન પરશુરામ... આવા વિરાટ ચિરંજીવ ચરિત્રને કૃતવંદન...!!

*॥ વયં રાષ્ટ્રે જાગૃયામ્ પુરોહિતા ॥*

'વિદ્વાનો જાગશે તો રાષ્ટ્ર જાગશે.'

**સ્પર્શમણિ :**

વાહન વ્યવહાર હોય કે જીવન વ્યવહાર આંખો મીંચીને દોડે એને અકસ્માત નડે જ!

● ● ●

વિશ્વાસ દરેક વસ્તુને શક્ય બનાવે છે જયારે પ્રેમ તેને સહેલું બનાવે છે.